પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
Whatsapp No.9712880678
વર્ષ:૨૫, અંક:૧૧૧, કુલ પાના:૪, તારીખ: ૦૧-૦૧-૨૦૨૨ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 111 PRICE :-RS. 1.50 DATE : 01-01-2022
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# વરસાદ અને હિમવર્ષાને લીધે ઠંડી વધશે, દિલ્હીમાં કોલ્ડવેવની આગાહી

નવીદિલ્હી,

આ વખતે નવા વર્ષના સેલિબ્રેશન પર વરસાદ અને હિમવર્ષાનો માર પડી શકે છે. હવામાન વિભાગે કોલ્ડ વેવને લઈને ઉત્તર અને મધ્ય ભારત માટે એલર્ટ જારી કર્યું છે. આ દરમ્યાન આવનારા એક સપ્તાહ સુધી તાપમાનમાં ભારે ઘટાડો નોંધાશે. તો દક્ષિણ ભારતમાં પણ વરસાદને લઈને એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આવતાં ત્રણ દિવસ સુધી તમિલનાડુ અને આંધ્ર પ્રદેશના તટીય વિસ્તારોમાં વધારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં આવતાં ૩થી ૪ દિવસો દરમ્યાન લઘુતમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાશે. તો મધ્ય ભારતમાં પણ તાપમાન ઘટી શકે છે. બીજી બાજુ ઉત્તર પ્રદેશના કેટલાય વિસ્તાઓમાં પણ ધુમ્મસ વધી શકે છે. નવા વર્ષમાં ૩ જાન્યુઆરી સુધી દિલ્હી, હરિયાણા અને પંજાબમાં ઠંડી વધવાની ચેતવણી આપવામાં આવી છે.



રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ગુરુવારે કોલ્ડવેવનો પ્રકોપ વધી ગયો છે, જે ૨૦૨૨માં ત્રીજી જાન્યુઆરી સુધી રહેવાનું અનુમાન છે. હવામાન વિભાગ મુજબ, સફદરગંજ વેધશાળામાં લઘુતમ તાપમાન સામાન્યથી ચાર ડિગ્રી ઓછું ૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. બુધવારે ન્યૂનતમ તાપમાન ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. મહતમ તાપમાન સામાન્યથી એક ડિગ્રી ઓછું ૧૯.૫ ડિગ્રી સેલ્સિયસ જોવા મળ્યું હતું.

મધ્ય પ્રદેશમાં નવા વર્ષ પહેલા સખત ઠંડી પડવાની આગાહી છે. હવામાન વિભાગે રાજ્યમાં કોલ્ડવેવને લીધે યેલો એલર્ટ જારી કર્યું છે. IMD દ્વારા જારી કરવામાં આવેલા એલર્ટમાં ગાઢ ધુમ્મસ રહેવાની અને ઝાકળ પડવાની શક્યતા છે. શુક્રવાર સવારથી શરૂ થતા આગામી બે દિવસમાં ગ્વાલિયર, રાયસેન, સિવની અને સાગર સહિત આઠ જિલ્લાઓમાં અલગ-અલગ સ્થળોએ કોલ્ડવેવની શક્યતા છે. ૨૩ જિલ્લાના અલગ-અલગ સ્થળોએ તીવ્ર ઠંડી પડવાનું વધુ એક યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

દક્ષિણ ભારતના તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં વરસાદ સતત ચાલુ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન તમિલનાડુમાં ૨૦ સેમીથી વધુ વરસાદ રેકોર્ડ થયો છે, જે ભારેથી અતિ ભારે વરસાદનો સંકેત આપે છે. IMDએ જણાવ્યું કે આગામી ત્રણ દિવસ દરમિયાન ઉત્તરી તટીય તમિલનાડુ અને દક્ષિણ તટીય આંધ્ર પ્રદેશની આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે અને ત્યારબાદ ઘટવાની શક્યતા છે.

## આવતાં ત્રણ દિવસ સુધી તમિલનાડુ અને આંધ્ર પ્રદેશના તટીય વિસ્તારોમાં વધારે વરસાદની સંભાવના છે.

### કાપડના વેપારીઓની માંગ સામે આખરે સરકાર ઝૂકી

# અગાઉ ૧૨ ટકા GST લાગુ કરવાનો પ્રસ્તાવ હતો જે હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો

અમદાવાદ,

જાન્યુઆરી ૨૦૨૨થી જીએસટીના નવા દર લાગુ થવા થઈ હતા ત્યારે ગુજરાતના કાપડ વેપારીઓને આ નિર્ણયનો સૌથી મોટો ફટકો પડ્યો હતો પણ આજે દિલ્લીમાં નાણા મંત્રી નિર્મલા સિતારમણની અધ્યક્ષતામાં જીએસટી કાઉન્સિલની બેઠક મળી હતી જેમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે કે કાપડ ઉપર હાલ પુરતો ૫ ટકા જીએસટી જ રહેશે. એટલે કે કાપડ ઉપર ૧૨ ટકા જીએસટી લગાવવાનો પ્રસ્તાવ હાલ મોકૂફ રાખવામાં આવ્યો છે. ગુજરાતના ટેક્ષટાઈલ ઉદ્યોગકારોએ કાપડ ઉપર જીએસટીના વધારાનો વિરોધ કર્યો હતો જે બાદ રાજ્ય સરકાર અને




સી.આર.પાટીલે પણ કેન્દ્રમાં રજૂઆત કરી હતી. જે બાદ કાપડ ઉપર જીએસટી ૫ ટકા જ રાખવાનો નિર્ણય હાલ પૂરતો લેવામાં આવ્યો છે. આગામી બેઠકમાં તમામ રાજ્યો સાથે ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે કે જીએસટી વધારવો જોઈએ કે નહીં?

કાપડ પર લાગતા જીએસટી માં સરકારે ૧૨ ટકા કરતા કાપડના વેપારીઓ રોષે ભરાયા હતા.જીએસટીમાં થયેલા વધારાના કારણે રો મટેરિયલના ભાવ વધી જાત જેનાથી કપડાના ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થવાનો ડર હતો. તેનાથી હોલસેલ અને રીટેઈલ વેપારીઓ માટે વર્કીંગ કેપીટલ વધારવાની ફરજ પડી જાત.કાપડ પર લાગતા જીએસટી કરાયેલા વધારાને લઈને સરકારમાં વિવિધ સ્તરે કાપડાના વેપારીઓએ રજૂઆત કરી હતી.અગાઉ કાપડ ઉપર ૫ ટકા જીએસટી લાગતો હતો જે વધારીને ૧૨ ટકા કરવામાં આવ્યો હતો. જે નિર્ણય કાલથી લાગુ પણ પડવાનો હતો પણ હાલ ૧૨ ટકા જીએસટી લગાવવાનો પ્રસ્તાવ હાલ પુરતો મોકૂફ રાખવામાં આવ્યો છે.

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) સિસ્ટમમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૨થી મોટા ફેરફારો થવાની તૈયારીમાં છે. તેમાં રેસ્ટોરન્ટ ક્ષેત્રમાં પૂરી પાડવામાં આવતી પરિવહન અને સેવાઓ પર ઈ-કોમર્સ સર્વિસ ઓપરેટરો પર કર જવાબદારીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ફૂટવેર અને ટેક્સટાઈલ સેક્ટરમાં ડ્યુટી સ્ટ્રક્ચરમાં પણ ફેરફાર ૧ જાન્યુઆરી, ૨૦૨૨થી અમલમાં આવશે, જેમાં તમામ પ્રકારના ફૂટવેર પર ૧૨ ટકા જીએસટી લાગશે, જ્યારે રેડીમેડ ગાર્મેન્ટ્સ સહિત તમામ ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ (કોટન સિવાય) ૧૨ ટકા જીએસટી લાગશે. પણ હવે સરકારે જાહેરાત કરી છે કે ટેક્સટાઈલ સેક્ટરમાં જે જીએસટી વધારો કરવામાં આવ્યો હતો તે પરત લેવામાં આવે છે.

### ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં કાયમી સભ્યપદની માંગ કરી

# વિશ્વને પ્રીમિયર ફોરમમાં કાયમી સભ્ય તરીકે ભારતની જરૂર છે

નવીદિલ્હી,

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત ટીએસ તિરુમૂર્તિએ કહ્યું છે કે યુએન સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે ભારતનું પ્રદર્શન એ સંકેત છે કે વિશ્વને પ્રીમિયર ફોરમમાં કાયમી સભ્ય તરીકે ભારતની જરૂર છે. વિશ્વ સંસ્થામાં ભારતના સ્થાયી પ્રતિનિધિ, તિરુમૂર્તિએ એક વિડિયોમાં જણાવ્યું હતું કે ભારતે આઠમી વખત ચૂંટાયેલા સભ્ય તરીકે સુરક્ષા પરિષદમાં સ્થાન મેળવ્યું છે અને સુરક્ષા પરિષદમાં અમારી હાજરીની મુખ્ય સિદ્ધિ અત્યાર સુધીનું અમારું પ્રમુખપદ રહ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશને એક ખાસ વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં ભારતે સુરક્ષા પરિષદમાં તેની ઘણી ઉપલબ્ધિઓ વિશે વિશ્વને જણાવ્યું છે. વિડિયો ૨૦૨૧માં સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે ભારતની મુલાકાતની સિદ્ધિ વિશે માહિતી આપે છે. જેમાં ઓગસ્ટમાં ૧૫ દેશોની કાઉન્સિલની અધ્યક્ષતામાં આતંકવાદ, યુએન પીસકીપિંગ મિશન, અફઘાનિસ્તાન, મ્યાનમાર, આફ્રિકા, પશ્ચિમ એશિયા અને ક્લાઈમેટ એક્શન જેવા મુદ્દાઓ સાથે સંબંધિત વિગતો સામેલ છે.

તિરુમૂર્તિએ કહ્યું કે અમારું પ્રદર્શન ફરીથી સૂચવે છે કે વિશ્વને પ્રીમિયર ફોરમના કાયમી સભ્ય તરીકે ભારતની જરૂર છે. તેમણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતને વીટો પાવર સાથે કાયમી સભ્યપદ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તે જ વર્ષે, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની




ખુલ્લી ચર્ચાની અધ્યક્ષતા કરનાર પ્રથમ ભારતીય વડા પ્રધાન બન્યા હતા. ૯ ઓગસ્ટના રોજ તેમણે દરિયાઈ સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય સહયોગના વિષય પર ઉચ્ચ સ્તરીય સત્રની અધ્યક્ષતા કરી હતી.

ઓગસ્ટમાં કાઉન્સિલના ભારતના પ્રમુખપદ દરમિયાન આ બન્યું હતું જ્યારે અફઘાનિસ્તાનમાં પરિસ્થિતિ ઝડપથી બગડી હતી અને સુરક્ષા પરિષદે વિલંબ કર્યા વિના આ મુદ્દા પર કાર્યવાહી કરવાની જરૂર હતી. તિરુમૂર્તિએ કહ્યું કે અફઘાનિસ્તાન પર ઠરાવ ૨૫૯૩ ભારતની અધ્યક્ષતામાં અપનાવવામાં આવ્યો હતો

જે કહે છે કે અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ અન્ય દેશો વિરુદ્ધ આતંકવાદ માટે થવો જોઈએ નહીં અને કાબુલના સત્તાવાળાઓ ૧૨૬૭ પ્રતિબંધ સમિતિ દ્વારા નિયુક્ત કરાયેલા આતંકવાદીઓ સહિત તમામ આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરશે. નોંધપાત્ર વાત એ છે કે, ભારતે કેટલાક દેશો દ્વારા જળવાયુ પરિવર્તનનો મુદ્દો સુરક્ષા પરિષદમાં લાવવાના પ્રયાસોનો પણ જોરદાર વિરોધ કર્યો હતો.તિરુમૂર્તિએ આ મહિનાની શરૂઆતમાં કાઉન્સિલની બેઠકમાં કહ્યું હતું કે ભારત ક્લાઈમેટ એક્શન અને ક્લાઈમેટ જસ્ટિસમાં કોઈથી પાછળ નથી, પરંતુ સુરક્ષા પરિષદ દરેક મુદ્દા પર ચર્ચા કરવાની જગ્યા નથી.

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસમાં ૨૭.૪ ટકાનો વધારો

નવીદિલ્હી,

દેશમાં કોરોનાના કેસ બુલેટ ગતિથી વધી રહ્યા છે. વધતા કેસોના કારણે કેન્દ્ર અને રાજ્ય સરકારો ચિંતાતૂર બની છે. કેન્દ્રએ એવા આઠ રાજ્યો કે જ્યાં કેસ સૌથી વધુ આવી રહ્યા છે તેમને તાબડતોબ આ અંગે જરૂરી પગલાં લેવા પણ કહ્યું છે. આ બધા વચ્ચે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૬ હજારથી વધુ કેસ નોંધાયા છે.

આજે સવારે જાહેર થયેલા આંકડા મુજબ દેશભરમાંથી છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૬,૭૬૪ કેસ નોંધાયા છે. જ્યારે ૭,૫૮૫ લોકો રિકવર પણ થયા છે. કોરોનાથી એક જ દિવસમાં ૨૨૦ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. હાલ દેશમાં ૯૧,૩૬૧ કોરોના દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોનાથી રિકવરી રેટ ૯૮.૩૬% થયો છે.

દેશમાં કોરોનાા નવા વેરિએન્ટ ઓમિક્રોનના કેસ ૧૨૭૦ પર પહોંચ્યા છે. ઓમિક્રોન હવે દેશના ૨૩ રાજ્યો સુધી પહોંચી ગયો છે. સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં ૪૫૦ નોંધાયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૩૨૦, કેરળમાં ૧૦૯, ગુજરાતમાં ૯૭, રાજસ્થાનમાં ૬૯, તેલંગણામાં ૬૨, તમિલનાડુમાં ૪૬, કર્ણાટકમાં ૩૪, આંધ્ર પ્રદેશમાં ૧૬, હરિયાણાં ૧૪, ઓડિશામાં ૧૪, પશ્ચિમ બંગાળમાં ૧૧, મધ્ય પ્રદેશમાં ૯, ઉત્તરાખંડમાં ૪, ચંડીગઢ, જમ્મુ અને કાશ્મીરમાં ૩-૩, આંદમાન નિકોબાર ટાપુઓ, ઉત્તર પ્રદેશમાં ૨-૨, જ્યારે ગોવા હિમાચલ પ્રદેશ લદાખ મણિપુર અને પંજાબમાં એક-એક કેસ નોંધાયા છે. ૧૨૭૦ દર્દીઓમાંથી ૩૭૪ દર્દીઓ સાજા પણ થઈ ગયા છે. રસીકરણની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં કોરોના રસીના ૬૬,૬૫,૨૯૦ ડોઝ આપવામાં આવ્યા. કુલ રસીકરણનો આંકડો ૧,૪૪,૫૪,૧૬,૭૧૪ પર પહોંચ્યો છે.

# ગુજરાતમાં ફરીથી કાતિલ ઠંડીનો દોર શરૂ

અમદાવાદ,

ગુજરાતમાં ફરીથી કાતિલ ઠંડીનો દોર શરૂ થઈ ગયો છે. નલિયામાં ઠંડીનો પારો એટલો નીચે ગગડી ગયો છે કે, હાલ નલિયામાં હિમાલય જેવી કાતિલ ઠંડી વાઈ રહી છે. જોકે, ગુરુવાર કરતા શુક્રવારનો દિવસ થોડો ઓછો ઠંડો રહ્યો છે. રાજ્યમાં ઠંડીના પારામાં આંશિક ઘટાડો થયો છે. ૯.૬ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુગાર બન્યુ છે. ગુજરાતમાં માવઠાની અસરના કારણે ઠંડીનું જોર વધ્યું છે. હજુ પણ હવામાન વિભાગની આગાહી મુજબ ઠંડી વધી શકે છે.રાજયમાં તાપમાન નલિયા ૯.૬ ડિગ્રી,ભૂજ ૧૦.૮ ડિગ્રી,ડીસા ૧૨,વડોદરા ૧૩.૬,અમરેલી ૧૪,રાજકોટ ૧૪,અમદાવાદ ૧૪.૨,૪ જાન્યુઆરી સુધી આવીને આવી જ ઠંડી રહેશે. હવામાન વિભાગે કોલ્ડવેવને લઈને ઉત્તર અને મધ્ય ભારતમાં એલર્ટ જાહેર કર્યું છે. આ દિવસોમાં તાપમાનનો પારો હજી ગગડી શકે છે. ઉત્તર ભારતમાં આવતાં ૩થી ૪ દિવસો દરમ્યાન લઘુતમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાશે. તો મધ્ય ભારતમાં પણ તાપમાન ઘટી શકે છે. જેની અસર ગુજરાતમાં પણ જોવા મળશે. બીજી બાજુ ઉત્તર પ્રદેશના કેટલાય વિસ્તાઓમાં પણ ધુમ્મસ વધી શકે છે. નવા વર્ષમાં ૩ જાન્યુઆરી સુધી દિલ્હી, હરિયાણા અને પંજાબમાં ઠંડી વધવાની ચેતવણી આપવામાં આવી છે. ગુજરાતમાં ધીમે ધીમે ફૂલગુલાબી ઠંડીને જનતા અનુભવી રહી છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ગઈકાલે પણ નલિયા રાજ્યનું સૌથી ઠંડુગાર મથક હતું. બુધવારે ૮.૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી વધુ ઠંડુ શહેર બન્યું હતું. પારો ૩ ડિગ્રી સુધી ગગડતા નલિયા ઠંડુગાર થયું છે. ડીસામાં ૧૧.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ભુજમાં ૧૧.૮ ડિગ્રી સુધી પારો ગગડ્યો છે. અમદાવાદમાં ૧૩, વડોદરામાં ૧૨.૪. સુરતમાં ૧૬.૬ તો રાજકોટમાં ૧૨.૯ ડિગ્રી સુધી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

# મોદી સરકાર અનેક વિદેશ નીતિના મુદ્દામાં નિષ્ફળ : સુબ્રમણ્યમ સ્વામી

નવીદિલ્હી,

મોદી સરકારની વિરૂધ્ધ સતત ટીકા કરનાર ભાજપ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ એકવાર ફરી મોરચો ખોલ્યો છે અને સરકારની વિદેશ નીતિ પર સવાલ ઉઠાવ્યા છે.તેમણે કહ્યું કે જો ભારત હિંદ મહાસાગર માટે લાંબા સમય માટે સહયોગી ઈચ્છે છે તો તેણે શ્રીલંકાની રાજપક્ષે સરકારને હાલ ૧૦ અરબ ડોલરની લોન આપવી જોઈએ.નહીંતર ચીનને કનિષ્ઠ ભાગીદાર મળવાનો સામનો કરવો પડશે મોદી સરકાર અનેક વિદેશ નીતિના મુદ્દામાં નિષ્ફળ રહી છે શ્રીલંકાને બીજીવાર બનવા ન દે.

તેમણે કહ્યું કે એવું નહીં કરવાથી શ્રીલંકા પણ આપણો સાથ છોડી ચીનની સાથે મળી જશે આ આપણી પડોસી



વિદેશ નીતિ માટે સારી નથી.તેમનું કહેવું છે કે ભારત સરકારની વિદેશ અને આર્થિક નીતિઓ યોગ્ય નથી તેના કારણે અનેકવાર આપણને સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું કે તાજેતરમાં જ સંસદના શિયાળુ સત્રમાં એમ કહી સરકારની ટીકા કરી હતી કે ચીનના ભારતીય સીમામાં ઘુષણખોરીના સવાલ પુછયા તો રાજયસભા સચિવાલયે તેમને સંવેદનશીલ સવાલ પર જવાબ આપવાનો ઈન્કાર કરી દીધો

તેના પહેલા તેમણે ચીનને લઈ અનેકવાર સોશલ મીડિયા અને અન્ય જાહેર પ્લેટફોર્મ પર સરકારની ટીકા કરી છે તેનાથી સતત સરકારની સામે ખુદના સાંસદ તરફથી હાસ્યાસ્પદ સ્થિતિ પેદા થઈ દાય છે તે સત્તાધારી પાર્ટીમાં રહેતા પણ વિપક્ષની જેમ વ્યવહાર કરે છે.

તાજેતરમાં મથુરામાં એક કાર્યક્રમમાં સુબ્રમણ્ય સ્વામીએ કહ્યું કે વડાપ્રધાનની સાથે સાથે નાણાંમંત્રીને પણ અર્થશાસ્ત્રનું જ્ઞાન ન થી વડાપ્રધાન અને નાણાંમંત્રી બંન્ને ધમંડી છે તેઓ એમ વિચારે છે કે બધુ જાણે છે પરંતુ હકીકતમાં તેઓ કાંઈ જાણતા નથી જયારે મોંધવારી દર સતત વધી રહ્યો છે સ્વામીએ કહ્યું કે વિકાસ વૃધ્ધ દર સતત ૨૦૧૬થી નીચે ઉતરી રહ્યો છો કોવિડે તેમાં તેજી લાવી છે.

# અમદાવાદમાં વકરતા કોરોના વચ્ચે કોર્પોરેશન ફલાવર શો યોજવા મક્કમ



અમદાવાદ,

રાજ્યમાં વકરતા કોરોના વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાવર શોનુ આયોજન કરવામાં આવ્યું છે. ફ્લાવર શોમાં ૭ લાખ જેટલા ફૂલો પ્રદર્શનમાં મુકવામાં આવશે. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને એક કલાકમાં ૪૦૦ લોકોની મર્યાદામાં પ્રવેશ આપવામા આવશે. કોરોના અને ઓમિક્રોનના વધતા કેસ વચ્ચે અમદાવાદ મહાનગરપાલિકા ફ્લાવર શો યોજવા મક્કમ છે. કોરોના મહામારી વચ્ચે પણ અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ફ્લાવર શો ૨૦૨૨નું આયોજન કરાયું છે. કોરોના ગાઈડ લાઈન સાથે ફ્લાવર શો કરવાની AMCએ તાડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૬૫ હજાર ચો.મી. વિસ્તારમાં ફ્લાવર શો યોજાઈ રહ્યો છે. જાણવા મળી રહ્યું છે કે આ વખતે ફ્લાવર શોમાં વેકિસન થીમ પર ફ્લાવર શોનું આયોજન કરાયું છે. ઓલમ્પિક ગેમ્સમાં ભારતે મેળવેલા પદકોની રમતના સ્કલ્પચર પણ ઉભા કરાશે. ફ્લાવર શોમાં ૬૫ મુખ્ય પ્રજાતિ અને ૭૫૦ પેટા પ્રજાતિના ફૂલ છોડ અને રોપા હશે.. કુલ સાત લાખની વધુ ફુલ છોડ અને રોપા જોવા મળશે. ૧૦૦ થી વધુ મેડિસીલન રોપા પ્રદર્શિત કરાશે. શિયાળાની ઋતુના વધુ ફુલ આપતા પિડુનિયા, ડાયન્થસ, પેન્ઝી , સાંવલિયા સહિત અનેક પ્રકારના રંગબેરંગી સિઝન ફુલ જોવા મળશે.. સાથે જ જૂદા જૂદા થીમ બેઝ પ્રાણી સ્કલ્પચર, સેલ્ફ ઝોન ઉભા કરાશે. ઓમિક્રોન અને કોરોના વચ્ચે ફ્લાવર શોના આયોજનમાં ઓનલાઈન અને ઓફલાઈન ટીકીટનું વેચાણ કરવામાં આવશે. સરકારની ગાઈડલાઈન મુજબ એક કલાકની અંદર ૪૦૦ લોકોને જ પ્રવેશ આપવામાં આવશે. ૮ જાન્યુઆરીથી ૨૩ જાન્યુઆરી દરમિયાન ફ્લાવર શો યોજાશે.

# લુધિયાણા બ્લાસ્ટ કેસના સંદિગ્ધ આરોપી જસવિન્દરની પુછપરછ માટે NIA ટીમ જર્મની જશે

નવીદિલ્હી,

શીખ ફોર જસ્ટિસ સાથે કથિત સંબંધો ધરાવતા જસવિન્દર સિંહ મુલતાનીને ભારતીય એજન્સીઓની વિનંતી પર સંબંધિત અધિકારીઓ દ્વારા જર્મનીમાં અટકાયતમાં લેવામાં આવ્યા છે. હવે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ની એક ટીમ લુધિયાણા બ્લાસ્ટ કેસમાં મુલતાનીની પૂછપરછ કરવા માટે જર્મની જશે. એનઆઈએ મુલતાનીને ભારત લાવવા માટે કાર્યવાહી શરૂ કરશે. પરંતુ તે પહેલા એજન્સી મુલતાની અને અન્ય સામે કેસ નોંધવાની તૈયારીમાં છે.

શીખ ફોર જસ્ટિસ એ ભારતમાં નિયુક્ત આતંકવાદી જૂથ છે. એક અધિકારીએ કહ્યું, "આ ખાલિસ્તાન તરફી (જસવિન્દર સિંહ મુલતાની) પંજાબમાં યુવાનોને કટ્ટરપંથી બનાવી રહ્યો હતો અને આતંકવાદી પ્રવૃત્તિઓનો પ્રચાર કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યો હતો. તેની પ્રવૃત્તિઓમાં અચાનક ઉછાળો આવ્યો હતો."

"મુલતાનીને જર્મન પોલીસ દ્વારા અટકાયતમાં લેવામાં આવી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે," અધિકારીએ જણાવ્યું હતું. ભારતમાં




કેસ નોંધાયા બાદ NIAની એક ટીમ કેસની વિગતવાર પૂછપરછ માટે જર્મની જશે. લુધિયાણા બ્લાસ્ટ કેસમાં મુલતાનીની ભૂમિકાના મજબૂત પુરાવા મળ્યા છે.

ગુપ્તચર એજન્સીઓએ દાવો કર્યો છે કે મુલતાની સમગ્ર ભારતમાં અરાજકતા જેવી સ્થિતિ સર્જવા માંગતો હતો. આ પહેલા બલબીર સિંહ રાજેવાલ સહિત ઘણા ખેડૂત નેતાઓ તેમના હિટ લિસ્ટમાં હતા. તે તેમને મારી નાખવા માંગતો હતો, જેથી આખા દેશમાં નરસંહાર થઈ શકે. પાકિસ્તાનની આઈએસઆઈ ભારતમાં લોકોની ભરતી કરવા માટે તેને આર્થિક મદદ કરી રહી છે. મુલતાની આતંકવાદ સહિત અનેક ભારત વિરોધી ઓપરેશન ચલાવતો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જોષી વાસુદેવ નાથાલાલ
મુ. ઓરવાડા, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભામૈયા દૂધ ઉત્પાદક સહકારી મં.લી.
મુ. નાનાભામૈયા(પૂર્વ), તા. ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગરમાં સુશાસન સપ્તાહના સમાપન દિવસે

# પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાનો કાર્યક્રમ લુણાવાડા ખાતે યોજાયો

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં લુણાવાડા બાવન પાટીદાર સમાજ ઘર ખાતે સુશાસન સપ્તાહના સમાપન દિવસે પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા લોકાપર્ણ–ખાતમુહૂર્ત, સમરસ યોજનાના પ્રમાણપત્ર અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કાર્યક્રમને મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો.

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ચેરમેન બી.એચ. ઘોડાસરાના અદયક્ષસ્થાને આયોજિત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી સહિત મહાનુભાવોના હસ્તે જિલ્લાની ૦૬ ગ્રામ પંચાયતોને સમરસ યોજનાના પ્રમાણપત્ર તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી અર્પણ કરવામાં આવી હતી. સાથે સાથે જિલ્લામાં રૂ.૧૩.૫૦ લાખના વિકાસ કામોનું ખાત મુહૂર્ત અને રૂ. ૨૧.૦૦ લાખના વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ચેરમેનએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, પ્રજા માટે, પ્રજાના હિત માટે તથા પ્રજાલક્ષી શાસન હોવું જોઈએ તેવી સ્વ. અટલજીની ભાવના હતી.આ ભાવનાને વડાપ્રધાન અને મુખ્યમંત્રીએ સાકાર કરી છે. પંચાયતીરાજમાં ગુજરાત સમગ્ર દેશમાં સુવિધાઓ આપવામાં અગ્રેસર રહ્યું છે. પ્રધાનમંત્રીનો સંકલ્પ છે કે, કોઈપણ લાભાર્થી આવાસ વગર બાકી ન રહે તે દિશામાં ઝડપથી કાર્ય થઈ રહ્યું છે. સરકારની ખેડૂતલક્ષી અને ગ્રામ્ય વિસ્તારની વિકાસલક્ષી નીતિના સારા પરિણામો મળી રહ્યા છે. ટેકનોલોજીના ઉપયોગથી ડીબીટીના માદયમથી લાભાર્થીના ખાતામાં સહાય સીધેસીધી જમા થાય છે. વિકાસકાર્યો થકી પ્રજા અને સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ સ્થપાયો છે. ભારતની પ્રગતિમાં ગામડાઓનો સિંહફાળો છે. ગ્રામ્ય વિસ્તારમાં સંગઠન, એકતા અને સૌહાર્દથી સમસ્યાઓનું સાથે મળી નિવારણ લાવવામાં આવે છે.ગામની સમરસતા જળવાય અને ગ્રામ્ય વિકાસ કાર્યોને વેગ મળે તેવા પ્રયાસો સૌએ સાથે મળીને કરવા જોઈએ જિલ્લાની સમરસ ગ્રામ પંચાયતના આગેવાનો અને ગ્રામજનોને અભિનંદન પાઠવું છું.

જિલ્લામાં જિલ્લા કક્ષા, તાલુકા કક્ષા અને ગ્રામ્ય કક્ષાની ત્રિસ્તરીય વ્યવસ્થામાં ૬૧૦૭ આયોજન થયેલ કામો માટે ૧૫ માં નાણાપંચ અંતર્ગત જિલ્લાની કુલ ગ્રાન્ટો રૂ.૮૩.૨૦ કરોડની રકમ ફાળવણી કરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, જિલ્લામાં લુણાવાડા તાલુકાની મહિલા સમરસ ગ્રામ પંચાયત કોઠંબા પાદ્લા ચોથી વખત સમરસ જાહેર થઈ છે તેને રૂ. ૮.૨૫ લાખ અનુદાન જ્યારે લુણાવાડા તાલુકાની ગરિયા, કૌચીયા, કડાણા તાલુકાની દીવડા અને જાંબુનાળા અને બાલાસિનોર તાલુકાની જોરાપુરા ગ્રામપંચાયત પ્રથમ વખત મળી ૫ સમરસ ગ્રામ પંચાયતોને રૂ.૩ લાખ અનુદાનની ફાળવણી કરવામાં આવી છે.

પ્રધાન મંત્રી આવાસ યોજનામાં જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના મળેલ આવાસોના લક્ષ્યાંક ૧૪૯૨૭ સામે ૫૯૦૩ આવાસો પૂર્ણ થયેલ છે.ઉપરોકત લક્ષ્યાંક પૈકી વર્ષ ૨૦૨૦–૨૧ તથા ૨૦૨૧–૨૨ માં ૯૦૫૭ નો લક્ષ્યાંક મળેલ છે. જે પૈકી ૩૯૭ આવાસો છ માસની સમય મર્યાદામાં પૂર્ણ થયેલ હોય તેઓને મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના હેઠળ રૂપીયા વીસ હજારની વધારાની સહાય મળવા પાત્ર છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ, લુણાવાડા ધારાસભ્યએ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું.પ્રારંભમાં જિલ્લા વિકાસ અધિકારીએ સૌને આવકાર્યા હતા જ્યારે નાયબ જિલ્લા વિકાસ અધિકારિ ચૌધરીએ આભારદર્શન કર્યું હતું.

આ અવસરે અગ્રણી દશરથભાઈ બારીયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ, જિલ્લા પંચાયત સમિતિ ચેરમેનઓ, સભ્યઓ, તાલુકા પંચાયત પ્રમુખઓ, પદાધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પટેલ, સમરસ સરપંચઓ, સભ્યઓ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોર તાલુકાના ઓથવાડ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા, રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે તાલુકા કક્ષાએ સેવાસેતુ કાર્યક્રમનો સાતમો તબક્કો તા.૧૮/૧૦/૨૦૨૧ થી તા.૦૫/૦૧/૨૦૨૨ સુધીમાં યોજવા સરકારએ નક્કી કરેલ છે. બાલાસિનોર તાલુકાના ઓથવાડ ગામે કલસ્ટરમાં સમાવિષ્ટ ૮(આઠ) ગામોનો સેવાસેતુ કાર્યક્રમ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ



એચ.ટી.મકવાણા નાયબ કલેકટર બાલાસિનોરના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો. જેમાં સરકારના તા.૧૮/૧૦/૨૦૨૧ ના ઠરાવમાં સમાવિષ્ટ જુદી–જુદી ૫૬ જેટલી સેવાઓનો વધુમાં વધુ વ્યક્તિઓ લાભ મેળવે તે માટે અનુરોધ કરવામાં આવ્યો. જેમાં બપોરના ૧૩:૦૦ કલાક સુધીમાં જુદી–જુદી સેવાઓ માટે ૧૬૫૦ જેટલા વ્યકિતઓએ લાભ મેળવેલ છે. આ સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક કલસ્ટરમાં યોજવામાં આવેલ હોઈ ઘણો સારો પ્રતિસાદ મળેલ છે. આ કાર્યક્રમને પ્રજાજનોએ ખુબજ વ્યાપક પ્રમાણમાં સ્વીકાર કર્યો છે.

# ગોધરા ખાતે મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માનાં અધ્યક્ષસ્થાને સુશાસન સપ્તાહ ઉજવણીનો સમાપન સમારોહ યોજાયો

ગોધરા, પંચમહાલ જિલ્લામાં ૨૫મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી ઉજવાયેલ સુશાસન સપ્તાહ ઉજવણીનાં અંતિમ દિવસે આજે સરદાર નગરખંડ, ગોધરા ખાતે રાજ્યકક્ષાનાં મંત્રી કુટીર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ (સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, પ્રિન્ટિંગ અને સ્ટેશનરી (રાજ્યકક્ષા)મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માનાં અધ્યક્ષપદે સમાપન સમારોહ યોજાયો હતો.





કાર્યક્રમમાં મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિતનાં મહાનુભાવોના હસ્તે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજનાઓ હેઠળ ૧૫માં નાણાપંચ અંતર્ગત ૯૪૧.૯૯ લાખના ૫૪૦ વિકાસ કામો, સીડીપી–૫ યોજના અંતર્ગત ૯૨.૦૦ લાખના ૬ નવીન પંચાયત ઘરો, ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)માં ૩૪૮૬.૦૦ લાખની સહાયથી ૨૯૦૫ આવાસો એમ કુલ મળી ૪૫ કરોડથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ તેમ જ મનરેગા યોજના અંતર્ગત ૩૫૪ લાખના ખર્ચે ગ્રામ પંચાયત ઘર તેમજ તલાટી કમ મંત્રી નિવાસ સ્થાન, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત ૯૦૦ લાખના ખર્ચે ૩૦૦૦ આવાસો, ૧૫મા નાણાપંચ અંતર્ગત ૬૨૪.૩૯ લાખનાં ૪૪૭ કામો એમ કુલ મળી ૧૮.૭૮ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સમરસ ગ્રામ યોજના અંતર્ગત ૨૧ ગ્રામ પંચાયતોને ૮૮.૭૫ લાખની ચેક સહાય, ૧૯૫ સ્વસહાય જુથોને ૫૮ લાખની વ્યક્તિગત સહાયનું વિતરણ પણ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સહાય મેળવનારા લાભાર્થીઓ સાથે રૂબરૂ સંવાદ કરી યોજના અને અમલીકરણ અંગે તેમના વિચાર, પ્રતિભાવ જાણ્યા હતા. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે લોકોના કલ્યાણ માટે અનેક યોજનાઓ બનાવી ગુજરાતના દરેક ગામડાનાં દરેક છેવાડાનાં માનવી સુધી આ યોજનાઓનો લાભ પહોંચે તેવો સંકલ્પ લઈ અથાક પ્રયાસોથી આ સંકલ્પ પૂર્ણ કર્યો હતો. ભારત રત્ન અને પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતી નિમિત્તે સુશાસન સપ્તાહની ઉજવણી કરી કરોડો રૂપિયાના લાભો છેવાડાના માનવીને ઘરે બેઠા આપી સરકારે આ સંકલ્પને આગળ વધાર્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ લોકોની સુખાકારીમાં વધારો કરવા, જરૂરતમંદોને સહાય કરવા સરકારે ૪૫૦ કરતા વધુ પ્રકારની જનકલ્યાણ યોજનાઓ અમલી કરી છે. ૫ લાખ સુધીની વિનામૂલ્યે સારવારની સુવિધા આપતી પીએમજેએવાય–મા કાર્ડ યોજનાના લાભો વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે સરકારે બાળકો, મહિલાઓ, દિવ્યાંગો સહિત સામાન્ય જનોનાં પોષણ–આરોગ્ય, શિક્ષણ, રોજગારી, મકાન સહિતની બાબતોની ચિંતા કરી સહાય યોજનાઓ અમલમાં મૂકી છે. લાભાર્થીઓને કોઈ વચેટિયા વગર સહાયનાં પૈસા પૂરેપૂરા મળે તે માટે કરોડોની સંખ્યામાં જનધન ખાતા ખોલાવી ડીબીટી મારફતે સહાય સીધી તેમનાં ખાતામાં પહોંચતી કરી છે. મંત્રીએ સહાય મેળવનાર સખી મંડળની મહિલાઓ સાથે સંવાદ કરી તેમણે સરકારની સહાયની મદદથી કઈ રીતે વિકાસ સાધ્યો તે અંગે વિગતવાર માહિતી મેળવી હતી અને અન્ય મહિલાઓને પણ આ રીતે પગભર થવા અંગે માર્ગદર્શન અને મદદ આપવા આ લાભાર્થીઓને અનુરોધ કર્યો હતો. સમરસ બનેલી ગ્રામ પંચાયતોનાં સરપંચોને આર્થિક લાભોનું વિતરણ કરતા તેમણે બધાનો સાથ–સહકાર મેળવી ગામનાં જરૂરતમંદો સુધી તેમને લાગતી વળગતી યોજનાઓની જાણકારી પહોંચાડવા અને લાભ મેળવવામાં મદદરૂપ થવા અને તે રીતે ગામનો સર્વાંગી વિકાસ કરવા જણાવ્યું હતું.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરશણના સબ સેન્ટર રાણી જીની પાડેદીના આરોગ્ય કર્મચારીઓ ગામ વાવીયા મુવાડીમાં સેવા સેતુમાં આરોગ્ય સેવા આપેલ છે. તેમાં પી.એમ.જે. અને હેલ્થ કાર્ડ ડાયાબીટીસ બીપી અને આરોગ્ય લગતી સેવા આપેલ છે.**

# ચેક રિટર્ન કેસમાં સંતરામપુર કોર્ટ દ્વારા ચાર માસની કેદની સજાનો હુકમ

સંતરામપુર, સંતરામપુર તાલુકાના કોતરા ગામના રહિશ જશવંતભાઈ દેવાભાઈ ચમારે સંતરામપુરની હરસિદ્ધિ કો.ઓ.ક્રેડિટ સોસાયટીમાંથી રૂ.૩૫ હજારના લીધેલા ધિરાણની રકમને વ્યાજની રકમ સોસાયટીમાં ભરપાઈ નહિ કરતા સોસાયટીએ રકમની ઉઘરાણી કરતા જશવંતભાઈએ બેંક ઓફ બરોડા ઉખરેલીનો તેમના ખાતાનો ચેક સોસાયટીને આપ્યો હતો. સોસાયટીએ ચેક બેંકમાં જમાં કરાતા બેંક ખાતામાં પુરતુ નાણાં ભંડોળ ન હોવાથી ચેક પાછો ફરતા સોસાયટીએ વટાખત અધિનિયમ હેઠળ સંતરામપુર કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. સંતરામપુરના અધિક ચીફ જયુડિ.મેજી.ની કોર્ટમાં કેસ ચાલી જતા ફરિયાદ પક્ષ અને આરોપી પક્ષના પુરાવાઓને દયાને લઈને બંને પક્ષના વકીલોની દલીલો સાંભળીને સંતરામપુરના અધિક ચીફ જયુડિ.મેજી.તુષાર એચ.પંજાબીએ આરોપી જશવંતભાઈ ચમારને તકસીરવાર ઠેરવીને ચાર માસની સાદી કેદની સજા અને રૂ.૫૧,૨૮૨નો દંડ અને જો દંડની રકમ ના ભરે તો વધુ દસ દિવસથી સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

# શ્રી સ્વામિનારાયણ મંદિર, ધાંધલપુર સહિત પંચમહાલ જિલ્લાના વિવિધ ગામોમાં સ્વામિનારાયણ મહામંત્ર ૨૨૦ મી પ્રાગટ્ય જયંતી, ધનુર્માસ, માગશર વદ એકાદશી-સફલા અગિયારસની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬ મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘ગમે તેવો પાપી જીવ હોયને અંત સમે જો તેને સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મલોકને વિશે નિવાસ કરે છે માટે ભગવાનનું બળ રાખવું.’’ જેમ અગ્નિને શાંત કરવા જળ શકિતશાળી છે, અંધકારને ટાળવા સૂર્યોદય શકિતશાળી છે, તેમ પાપાત્માઓના પાપને ટાળવાને માત્ર એક ભગવાનનું જ નામ સાર્થક છે. જે ભકત ભગવાનનું નામ–ઉચ્ચારણ કરે છે તેને કળિકાળમાં પણ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે દોષો પરાભવ કરી શકતા નથી. ઘરની અંદર તમે દિવો કરો તો પ્રકાશ–પ્રકાશ થઈ જાય છે. તેમ હૃદયમાં સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કરવાથી પ્રકાશ થાય છે. જગતની સમગ્ર જંજાળો નાશ પામે છે.



આ સ્વામિનારાયણ મંત્રનો જાપ કરવાથી ભૂત, પ્રેત વગેરે નાસી જાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિ ટળી જાય છે. આલોક અને પરલોકમાં સ્વામિનારાયણ મંત્રનો જાપ કરનાર સુખ–શાંતિને પામે છે. આ મંત્રનો જાપ કરનારને શ્રી સ્વામિનારાયણ ભગવાન અંતકાળે દર્શન આપીને પોતાના અક્ષરધામમાં તેડી જાય છે. તેવો તેનો આગવો મહિમા છે. તેથી આપણે પણ સુખી થવા માટે સ્વામિનારાયણ મહામંત્રનો જાપ અવશ્ય નિત્ય કરવો જોઈએ.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આધઆચાર્ય પ્રવર શ્રી મુકતજીવન સ્વામીબાપાએ દિવ્ય અમૃત પાયું છે કે, સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવાથી જે ફળ મળે છે, તે કોઈ સાધનોથી મળતું નથી. હરિજ્ઞાનામૃત કાવ્યમાં માટે જ કહ્યું છે કે, શુભ સ્વામિનારાયણ નામ લહો, સુખસાગરમાં જો રહેવા ચહો, નામીએ સહિત જો નામ લહો, રસબસ થઈ ગુલતાન રહો.

શુભમાં પણ સૌથી શુભ એવો કલ્યાણકારી સ્વામિનારાયણ મંત્રનો જાપ કરો અને તે નામ પણ નામીએ સહિત લેવું એટલે કે ભગવાનની સ્મૃતિ સહિત મંત્રજાપ કરવો. મોઢામાં મંત્રજાપ ચાલતો હોય અને મન બીજે ભટકતું હોય તો તે યથાર્થ ફળને આપનારૂં થતું નથી. જયારે પણ શ્રીહરિનું નામસ્મરણ કરવું હોય ત્યારે ભગવાનના સ્વરૂપમાં પોતાની જાતને ઓતપ્રોત કરી ભગવાનની મૂર્તિમાં રહી તેમનું દયાન કરતાં કરતાં સ્મરણ કરવું તો આધ્યાત્મિક, આધિભૌતિક અને આ આધિદૈવિક એ ત્રણે તાપની નિવૃત્તિ થઈ જાય છે અને અત્યંત સુખશાંતિ મળે છે.

પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં હરિ, કૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, સહજાનંદ એવાં અનેક નામો માતા–પિતાએ તથા ગુરૂ રામાનંદસ્વામીએ પાડયાં હતાં છતાં પોતાનું સ્વામિનારાયણ નામ ખુદ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સંવત ૧૮૫૮ની માગશર વદ એકાદશીના રોજ ફણેણીમાં પ્રસિદ્ધ કર્યું અને પોતાના આશ્રિતજનોને તે દિવસથી સ્વામિનારાયણ મંત્રની માળા ફેરવવાનો આદેશ આપ્યો છે ત્યારથી આજદિન સુધી સૌ સંતો હરિભકતો સ્વામિનારાયણ મંત્રનો જાપ અને માળા કરે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વામિનારાયણ મંત્ર આપ્યો ત્યારે સ્વમુખે મંત્રનો મહિમા વર્ણવ્યો છે કે, જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે; છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.

જેણે જેણે સ્વામિનરાયણ મંત્રનું સ્મરણ કર્યું હશે તેનાં બંધાં પાપ બાળીને હું પોતે સ્વયં અંતકાળે આવી તેના અનેક અપરાધો હશે તે માફ કરી મારા અક્ષરધામમાં લઈ જઈ મારી મૂર્તિનું દિવ્ય સુખ આપીશ.

તેથી આજેય શાસ્ત્રો–સંતો–હરિભક્તો અને ઈતરજનો આ વાતના સૌ સાક્ષી છે કે, જે સ્વામિનારાયણ મંત્રનો જાપ કરે છે તેને ખુદ સ્વામિનારાયણ ભગવાન અંતકાળે દર્શન આપીને પોતાના ધામમાં તેડી જાય છે અને તેથી જ આખાય ભારત દેશમાં અને વિશ્વમાં સૌ કોઈ સ્વામિનારાયણ મંત્રનો જાપ કરી મુક્તિ મેળવે છે.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પૂજનીય સંતો મહંત શ્રી યોગપ્રિયદાસજી સ્વામી, સંત શિરોમણી શ્રી ધર્મતનયદાસજી સ્વામી, શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, જ્ઞાનસાગરદાસજી સ્વામી, શ્રી સત્યદર્શનદાસજી સ્વામી, શ્રી ગુરૂપ્રિયદાસજી સ્વામી, શ્રી નિર્દોષસ્વરૂપદાસજી સ્વામી વગેરે પૂજનીય સંતો, સત્સંગી હરિભક્તોએ પૂજન, અર્ચન કરીને આરતી ઉતારી હતી. પૂજનીય સંતોએ ‘‘સ્વામિનારાયણ’’ મહામંત્રનું મહિમા ગાન કર્યું હતું. આ રીતે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી મહારાજની અનુજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, ધાંધલપુર, પંચમહાલમાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સંતો અને હરિભકતોએ સાથે મળીને સ્વામિનારાયણ’’ મહામંત્ર ૨૨૦ મી પ્રાગટ્ય જયંતી, ધનુર્માસ, માગશર વદ એકાદશી–સફલા અગિયારસની ઉજવણી કરી.





**ગોધરામાં આયુષ ડોકટરો અને પોલીસ સાથે મળી ૫૦૦૦ માસ્કનું વિતરણ કરાયું**

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નવા રોકાણોમાં લાભની સંભાવના, પ્રેમ સંબંધોમાં અનુકૂળતા જણાય, આર્થિક બાબતે સંભાળીને કામ કરવું, લેવડ દેવડમાં છેતરાઈ ના જવાય માટે સાચવવું.

વૃષભ (બ.વ.ઉ.) : ધનલાભની ઉત્તમ સંભાવના, સંતાનો બાબતે સાધારણ પરેશાની જણાશે, અધિકારી વર્ગના આશીર્વાદ મળશે, ખર્ચાઓ ઉપર કાબુ રાખવો.

મિથુન (ક.છ.ઘ.) : પ્રોપર્ટીમાં કરેલ રોકાણ લાભ કરાવશે, પારિવારિક જીવન આનંદમય રહેશે, ખોટા માણસો પાસે સમય વેડફવો નહિ, અનુભવી પાસેથી શીખેલું કામ લાગશે.

કર્ક (ડ.હ.) : સ્વતંત્ર જીવનમાં શાંતિ અનુભવશો, પરિવારના સભ્યોથી પરેશાની જણાશે, લાઈફ પાર્ટનર સાથે વિવાદની સંભાવના, આર્થિક સંકળામણનો અનુભવ થશે.

સિંહ (મ.ટ.) : ઘરેલુ જીવનમાં શાંતિ જણાશે, કરેલા રોકાણો લાભદાઈ નીવડશે, કામકાજ માટે યાત્રા થવાની સંભાવના, ધંધામાં ધનલાભ અને પ્રગતિ જણાશે.

કન્યા (પ.ઠ.ણ.) : સુખ સુવિધાના સાધનોમાં ખર્ચ થવાની સંભાવના, જીવનસાથીના પ્રકોપથી બચવું જરૂરી બનશે, ધર્મ આધ્યાત્મિક્તામાં રૂચી વધશે, નોકરીયાતને સારો સહયોગ મળશે.

તુલા (ર.ત.) : શેર સટ્ટામાં ધનહાનીની સંભાવના, પારિવારિક બાબતોમાં શાંતિ જણાશે, નોકરીયાતને ઉપરી વર્ગથી પરેશાની રહેશે, વિદ્યાર્થીઓ માટે સારો સમય છે.

વૃશ્ચિક (ન.ય.) : રાજકીય મહત્વકાંક્ષા પૂરી થશે, કૌટુંબિક બાબતના પ્રશ્નો હળવા બનશે, ધંધામાં કરેલા આયોજનો સફળ થશે, વાહન ચલાવવામાં સાવધાની રાખવી.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આર્થિક બાબતે મજબૂત બનશો, વ્યવસાયીક-પારિવારિક સમસ્યા રહેશે, માન સન્માન પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે, આવક જાવક સમાંતરે જળવાઈ રહેશે.

મકર (ખ.જ.) : પારિવારિક પ્રસંગોમાં ઉત્સાહ જળવાઈ રહેશે, તબીયત બાબતે કાળજી રાખવી, મનપસંદ વસ્તુની પ્રાપ્તિ થશે, નજીકના સુખનું જ ધ્યાન કરો.

કુંભ (ગ.સ.ષ.શ.) : વ્યવસાય ક્ષેત્રમાં તકલીફ જણાશે, વાણી ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે, રોજગાર ક્ષેત્રમાં પ્રગતિ થશે,નવા સંબંધોમાં વૃદ્ધિ થશે.

મીન (દ.ચ.ઝ.થ.) : જીવનસાથી અને ભાગીદારોનો પૂર્ણ સહયોગ મળશે, પારિવારિક વૈચારિક મતભેદ રહેશે, ધન પદ પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે, નવા કામકાજ માટે ઉત્તમ દિવસ છે.

## ફેસબુક ઉપર ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી કિંમતી ગીફ્ટ મોકલવાના નામે

# હાલોલના વ્યકિત પાસેથી ૨૮.૪૫ લાખનું ચીટીંગ કરનાર પશ્ચિમ બંગાળ, બિહારના ચાર આરોપીને સાઈબર ક્રાઈમ પોલીસે ઝડપ્યા

ગોધરા,

પંચમહાલ ગોધરા રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે હાલોલ કુંભારવાડામાં રહેતા ફરિયાદી એ ફેસબુક ફ્રેન્ડ બની મિત્રતા કેળવી કિંમતી ભેટ મોકલી આપવાના બહાને ૨૮,૪૫,૨૫૯/–રૂપીયાની ચીટીંગ છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રાઈમ પોલીસે ઝીણવટ ભરી તપાસ કરી પશ્ચિમ બંગાળ (દાર્જીલીંગ) તથા બિહારના ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ કુંભારવાડા ખાતે રહેતા મોહસીનખાન યુસુફખાન પઠાણ ફેસબુક ઉપર અજાણી વ્યકિતની ફ્રેન્ડ રીકવેસ્ટ સ્વીકારી હતી. ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલનાર દ્વારા મેસેજ કરી મોબાઈલ નંબર માંગતા ફરિયાદીએ પોતાનો મોબાઈલ નંબર આપ્યો હતો. મોબાઈલ નંબર આવતા વોટસએપ નંબર થી મિત્રતા કેળવી હતી અને ફોરેન થી કિંમતી ગીફ્ટ મોકલેલ હોવાનું જણાવી તેના ફોટો વોટસએપ



ઉપર મોકલીને ફરિયાદીને વિશ્વાસમાં લીધો હતો અને ગીફ્ટ એરપોર્ટ ઉપર થી છોડાવવાના બહાને મોબાઈલ ફોન થી વાત કરી હતી અને ઈ–મેઈલ કરીને ગીફ્ટ છોડાવવા માટે ટેકસ કોડ, એન્ટી ટેરરીસ્ટ કોડ, સિગ્નેચર સર્ટીઓ મેળવવાની પ્રોસેસ ફી માટે નાણાંની માંગણી કરી હતી અને અલગ–અલગ બેંક ખાતા નંબરો વોટસએપ થી સી.બી.આઈ. બેંક, એસ.બી.આઈ. બેંક ખાતા તેમજ આઈસીઆઈસીઆઈ બેંકના અલગ–અલગ ખાતાઓ માંથી રૂા.૨૮,૪૫,૨૫૯/– બેંક સ્લીપ થી જમા કરાવી છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ સાયબર ક્રાઈમ પો લીસ મથકે નોંધાઈ હતી. આ ગુનાની તપાસ સાયબર ક્રાઈમ પોલીસના પીઆઈ જે.એન.પરમારના માર્ગદર્શન હેઠળ ગુનામાં સંડોવાયેલા આરોપીઓની તપાસ હાથ ધરી હતી. ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ નંબર અને બેંક ખાતાધારકોની વિગતોની ઉંડાણ પૂર્વક તપાસ હાથ ધરી હતી. જેમાં આરોપીઓ દિલ્હી તથા ગુરૂગ્રામ (ગુડગાવ) હરીયાણા ખાતે રહેતા હોવાનું સામે આવતાં સાયબર ક્રાઈમની ટીમે આરોપી શીખા રામેમાંગર તમાંગ (રહે.ચકકરપુર સેકટર–૨૭, ગુરૂગ્રામ (ગુડગાવ) હરીયાણા, મૂળ– પશ્ચિમ બંગાળ, રાબીના મનીકુમાર તમાંગ (રહે.સેકટર–૧૮, સરોલ ગુરૂગ્રામ (ગુડગાવ) હરીયાણા, મૂળ રહે. દાર્જીલીંગ, પશ્ચિમ બંગાળ, રજનકુમાર છેત્રી (રહે. સેકટર–૧૮, રાજકુમાર પરમાત્મારાય (રહે.સેકટર–૨૭, ગુરૂગ્રામ મૂળ– પીરપેન્થી, બિહારને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલ આરોપીઓ ફેસબુક ઉપર ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલીને પોતાના જાસામાં લેતા હતા. ફોરેન થી ગિફ્ટ મોકલવાની વાત કહેતા અને ડોલર, સોનાની ચેઈન, ઘડીયાળ, બ્રેસલેટ તથા બ્રાન્ડેડ કાપડ હોવાનું જણાવી પ્રોસેસ ફીના નામે ગ્રાહકો પાસેથી લાખો રૂપીયા પડાવ્યા હતા. હાલ તો હાલોલની ફરિયાદ સાથે થયેલ છેતરપિંડી વિશ્વાસઘાતમાં ચાર આરોપીઓ ઝડપાયેલ છે. આ આરોપીઓથી રીમાન્ડ દરમિયાન અન્ય કેટલા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે, તે સામે આવશે.

## બરોડા ગુજરાત ગ્રામિણ બેંક બાહી દ્વારા પ્રધાનમંત્રી જીવન વિમાનો લાભ ચાર લાભાર્થીઓને આપ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના બાહી ગામ ખાતે આવેલી બરોડા ગુજરાત ગ્રામીણ બેંક શાખા દ્વારા પ્રધાનમંત્રી જીવન વીમા યોજનાનો લાભ ચાર પરિવારજનોને લાભ મળ્યો હતો. આ બેંકના બ્રાન્ચ મેનેજરના હસ્તે મૃતકના પરીવારજનોને ચેક આપવામાં આવ્યા હતા.

સરકાર દ્વારા લોકોને સહાયરૂપ બની રહે તે માટે પ્રધાનમંત્રી જીવનવીમાં યોજના અમલી બનાવામા આવી હતી.વધુમાં વધુ આ યોજનાનોવધુ લાભ મળે તે માટે બેંકો દ્વારા પણ તેનો લાભ લેવા અનુરોધ કરવામા આવ્યો છે. ત્યારે શહેરા તાલુકામાં બાહી ખાતે આવેલી બરોડા ગુજરાત ગ્રામીણ બેકના ખાતેદારોઓ પ્રધાનમંત્રીજીવનવીમા યોજનાનો લાભ લીધો હતો. જેમાં ચાર જેટલા પરીવારોને લાભ મેળવ્યો હતો. આ મામલે બેંક મેનેજર રવી જારેડા દ્વારા માહીતી આપવામાં આવી હતી જે ખાતેધારક આ વીમાનો લાભ લીધો હતો અને તેમનુ અવસાન થતા તેમના પરીવારને જરૂરી કાર્યવાહી કરીને તેમને ૨ લાખ રૂપિયા જેટલા વીમાનો લાભ મળ્યો હતો. વીમાનો લાભ મેળવનારા લાભાર્થીઓમાં વિજયભાઈજાદવ અને નીરૂબેન બારીયા સહિત અન્ય બે પરીવારનો સમાવેશ થાય છે. આમ આ પ્રધાનમંત્રી જીવનવીમા યોજના ગ્રામીણ ખાતેદારો માટે આર્શિવાદ રૂપ સમાન બની હતી.

## કાલોલ ડેરોલસ્ટેશનના રેલ્વેના અંડરગ્રાઉન નાળાનું નવીનીકરણ ટુંક સમયમાં શરૂ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલસ્ટેશન સ્થિતિ રેલ્વેસ્ટેશનનાં લાબા સમયથી ચાલી રહેલા અન્ડરગ્રાઉન્ડ નાળાની ટુંક સમયમાં જ શરૂઆત કરવા માટે અન્ડરગ્રાઉન્ડ બોલ્કબેસાડીને સફળતા પૂર્વક કામગીરી પુર્ણ થતા તેની પૂજાવિધિ કરવામાં આવી. જેમાં કાલોલ વિધાનસભાના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ નરેન્દ્ર મોદી, વિચાર મંચના મહિલા પ્રમુખ ભારતીબેન જોષી, ડેરોલસ્ટેશન તાજેતરના ચુંટાયેલા નવા મહીલા સરપંચ ઉષાબેન સુથાર તેમજ પંચમહાલ જિલ્લાના નરેન્દ્ર મોદી વિચાર મંચના મહામંત્રી અને પંચાયત સભ્ય રમેશભાઈ તલાટીએ હાજર રહીને સ્થળ પર શ્રીફળ ફોડી મીઠાઈ વહેંચવામાં આવી હતી.

## સાંપા ગામના સરપંચને શાળામાં બોર કરી આપવા આચાર્ય દ્વારા લેખિતમાં માંગ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ચોરા ફળિયા (સાંપા) પ્રાથમિક શાળા મા પીવાના પાણીની સમસ્યા હોય જેને લઈ આચાર્ય અને શિક્ષકો દ્વારા ગ્રામ પંચાયત સરપંચને લેખિતમાં જણાવેલ કે, ચોળા ફળિયા સાંપા પ્રાથમિક શાળામાં જૂનો બોર હતો. તે માટી અંદર પડવાથી પુરાઇ ગયો છે. જેથી ગ્રામ પંચાયત દ્વારા નવો બોર કરી આપવામા આવે તેવી માંગ કરવામાં આવી છે. બીજી તરફ વાત કરીએ તો ચોરા ફળિયા (સાંપા) પ્રાથમિક શાળાની સ્થાપના ૧/૧૦/૧૯૭૯/ કરવામા આવી હતી અને હાલમાં ૯૧ બાળકો અભ્યાસ કરે છે. જેમાં ધોરણ



૧ થી ૫ ના વર્ગો આવેલ છે. તેમ છતાં આ શાળાની અંદર માત્ર બેજ શિક્ષકો અભિયાસ કરાવે છે અને આ શાળાની અંદર શિક્ષકોનો અભાવ લાગી રહયો છે કારણ કે ૧ થી ૫ ધોરણ હોવા છતા માત્ર બેજ શિક્ષકો હોવાથી બે શિક્ષકો કયા કયા વર્ગોના બાળકોને કયા કયા વર્ગોનો અભ્યાસ કરાવી શકે અને બીજી તરફ વાત કરીએ તો ચોરા ફળીયા પ્રાથમિક શાળા અત્યંત જર્જરીત હાલતમાં નજરે પડે છે. કમ્પાઉન્ડ વોલ પણ તૂટેલી હાલતમાં નજરે પડે છે. તેમ છતાં જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શાળાની મુલાકાત લેવામાં આવતી નથી. જેથી ગામના બાળકો જીવના જોખમે શિક્ષણ લેવા મજબુર શું આ તંત્ર કોઈ મોટી કોઈ હોનારત સર્જાઈ તેની રાહ જોઈ રહી છે કે પછી આ પ્રાથમિક શાળાને નવીન બનાવવામાં આવશે કે પછી ગામના બાળકોને આજ રીતે જીવના જોખમે શિક્ષણ મેળવવું પડશે કે પછી તંત્ર તમામ સુવિધાઓ પુરી પાડશે તે હવે જોવાનું રહયું.

## ગોધરાની બે એન્જિનિયરીંગ કોલેજમાં પરીક્ષામાં સામુહિક નકલ કરતા પકડાતા ૨૦૦ છાત્રની GTUમાં સુનાવણી

ગોધરા,

જી.ટી.યુ. ની. એન્જિનિયરીંગની પરીક્ષામાં જિલ્લાની બે એન્જિનિયરીં કોલેજના ૨૦૦ વિદ્યાર્થી બી.ઈ.સેમસ્ટર–૩ની ઉનાળા સત્રની છ માસિક પરીક્ષામાં સામુહિક નકલ કરતા ઝડપાઈ ગયા હોઈ ગેરરિતીની આશંકા સેવાઈ રહી છે.

આ વિદ્યાર્થીઓને જી.ટી.યુ.ચાંદખેડા બોલાવવામાં આવ્યા હતા. અને તેઓની દલીલો અને રજુઆતો સાંભળવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓએ પુનઃ પરીક્ષા પણ આપી હતી. અને આ અંગે આગામી ૧૦ દિવસમાં સુનાવણી હાથ ધરાશે તેમ જાણવા મળી રહ્યુ છે.

જી.ટી.યુ. ની બી.ઈ. સેમેસ્ટર–૩ની ઉનાળા સત્રની પરીક્ષાઓ લેવાઈ હતી. જે પરીક્ષામાં પંચમહાલ જિલ્લાની બે કોલેજોના ૨૦૦ વિદ્યાર્થીઓ સામે માસ કોપી કેસ કરવામાં આવ્યો છે. જેમાં પંચમહાલ જિલ્લાની બે કોલેજો પૈકી એન્જિનીયરીંગ કોલેજ ટુવાના ૧૪૬ અને ઓમ ઈન્સ્ટિટ્યુટના ૫૪ વિદ્યાર્થી સામે કોપી કેસ કરવામાં આવ્યો છે. જી.ટી.યુ.ની એન્જિનિયરીંગની પરીક્ષામાં ગેરરિતી થઈ હોવાની શંકા જાગતા જી.ટી.યુ.એ કેટલાક વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ પેપર પર લખાણ લખાવવામાં આવ્યુ હતુ.



પંચમહાલ જીલ્લા પોલીસ દ્વારા ૩૧ ડીસેમ્બરને લઈ સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. જાહેર માર્ગો ઉપર દારૂ પીને ફરતા ઈસમોને ઝડપી પાડવામાં માટે પોલીસ સર્તક બની છે. ત્યારે હાલોલ ડીવીઝન ડીવાયએસપી દ્વારા ઘોઘંબા, જાંબુઘોડા, હાલોલ વિસ્તારમાં આવેલ રીસોર્ટ પર ચેકીંગ હાથ ધરાયું છે. વ્યસનનો ના થાય તેમજ ડી.જે. અંગે કાયદો વ્યવસ્થા જાળવવા પોલીસ ચેકીંગ અને પેટ્રોલીંગ હાથ ધરાયું છે.



રાયસીંગપુરા ખાતે સરકારના આયોજન મુજબ દેશના પૂર્વ વડાપ્રધાન આટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી ઉજવણીના ઉપલક્ષમાં સુશાસન સપ્તાહ નિમિત્તે આજ રોજ સ્વચ્છતા રેલી, સફાઈ, ગ્રામસભા સહિત સ્વચ્છતા અંગેના વિવિધ જન જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ગ્રામ પંચાયતના ઉત્સાહી સરપંચ કમલેશકુમાર પરમારે ગ્રામજનોને સ્વચ્છતા રાખવા અને કોવિડના નિયમો પાળવા માટે તેમજ નિયમિત માસ્ક અને સેનીટાઈઝરનો ઉપયોગ કરવા માટે ખાસ ભાર મૂક્યો હતો.

## ઘોઘંબા ના બોરીયા મુકામે વળાંક પાસે સ્કોર્પિયો કાર વિજપોલ સાથે અથડાતાં ૩ વ્યક્તિઓને ઈજા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના બોરીયા ગામે આજ રોજ વહેલી સવારે કાટું ઘોઘંબા મુખ્ય રસ્તા પર કાટું બાજુ થી બોરીયા વળાંક ઉપર જીજે.૧૭.એન.૨૨૭૪ નંબર પ્લેટ ધરાવતી સ્કોર્પિયો કાર ફૂલ ઝડપે આવતાં ડ્રાયવરે સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતાં બાજુમાં આવેલ ખેતીવાડી વીજ પુરવઠા ના ટેપિંગ પોલ બે વીજ થાંભલાઓ વચ્ચે ધડાકાભેર અથડાતાં અકસ્માત સર્જાયો હતો. આજુ બાજુના સ્થાનિક લોકો દોડી આવતા તાત્કાલિક ધોરણે વીજ પુરવઠો બંધ કરાવીને સ્કોર્પિયો કારના કાચ તોડીને ચાર જણને બહાર કાઢ્યા હતાં. જેમાંથી ડ્રાયવર સહીત એક વ્યક્તિ અને બાળકીને નાની–મોટી ઈજા પહોંચતા સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ દ્વારા ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી વિગતો અનુસાર સ્કોર્પિયો ચાલક ખરોડ ગામના વતની હોવાનું જાણવા મળ્યું હતું. સદનસીબે ખેતીવાડી વીજ પુરવઠાની વીજ લાઈન બંધ હોવાથી ખૂબ મોટી જાનહાનિ થતાં ટળી હતી.

## બ્રહ્મ સમાજના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે આશિત ભટ્ટની નિમણૂંક

ગોધરા,

બ્રહ્મ સમાજના ગુજરાત પ્રદેશ ઉપાદયક્ષ તરીકે અને મધ્યઝોનના પ્રભારી તરીકે આશિત ભટ્ટ ની નિમણુંક થઈ.

પ્રખર રાષ્ટ્રવાદી હિંદુ વાદી અને હિંદુ રક્ષા મંચના પ્રદેશ અદયક્ષ એવા આશિત ભટ્ટ ની સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ગુજરાત પ્રદેશ ઉપાદયક્ષ અને મદય ગુજરાત ઝોનના પ્રભારી તરીકેની નિમણુંક કરવામાં આવી હતી.



## હાલોલ-ગોધરા રોડ ઉપર સાંઈ પાર્ક-૧ અને ૨ ના રહીશોને આવવા-જવાનો રસ્તો માલિક બિલ્ડર દ્વારા આપવામાં આવ્યો ન હોવા બાબતે મામલતદારને આવેદન

હાલોલ,

હાલોલ નગરના ગોધરા રોડ ખાતે આવેલ સાંઈ સમર્પણ પાર્ક–૧ અને સાંઈ સમર્પણ પાર્ક–૨ ના રહીશોએ માલિક/બિલ્ડર પ્રદ્યુમનસિંહ યોગેન્દ્ર સિંહ રાઠોડ તથા તેમના ભાગીદારો ઉપર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, સોસાયટીમાં આવવા જવાનો રસ્તો આપવામાં આવ્યો નથી તે અનુષંધન માં હાલોલ મામલતદારને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.પ્રાપ્ત માહિતી મુજબ હાલમાં નગરના ગોધરા રોડ ખાતે આવેલ સાંઈ સમર્પણ પાર્ક–૧ અને ૨ ના બિલ્ડર દ્વારા સોસાયટીના રહીશો સાથે છેતરપિંડી કર્યાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. જેમાં ત્યાંના સ્થાનિક રહીશો દ્વારા જણાવ્યું હતું કે ઉપરોકત વિષય અનુસંધાને અમારી સોસાયટી સાંઈ સમર્પણ પાર્ક–૧ અને સાંઇ સમર્પણ પાર્ક–૨ સોસાયટીના રે.સ.નં.૯૬/૬ અને રે.સ.નં.૯૪/૩ ના કુલ ૧૬૦ મકાનો બનાવવામાં આવેલ હોય અને પ્લોટ માલિક/બિલ્ડર/તેઓના ભાગીદારો દ્વારા અમારી સોસાયટીમાં આવવા જવા માટેનો જાહેર રસ્તાઓ હાલોલ– ગોધરા મુખ્ય રોડથી હિરો શો રૂમ થઇને પપ્પાજી પાર્ક થઇને રે.સર્વે નં.૯૦ ની મિલકત માં થઈને અમારી સોસાયટીનાં લોકો અવર– જવર માટે રસ્તાઓનો ઉપયોગ કરતા હતા. (જે સેટેલાઇટ ઈમેજમાં પણ બતાવે છે.) પરંતુ હાલોલ રે.સ.નં.૯૭ અને રે.સ.નં. ૯૪/૩ ના મુખ્ય માલીક પ્રદ્યુમનસિંહ યોગેન્દ્રસિંહ રાઠોડ તથા તેઓના ભાગીદારો દ્વારા જે રે, સર્વે નંબર ૯૦ માં જે પ્લોટીંગ કરવામાં આવેલ છે અને તે પ્લોટીંગના નકશાઓ મંજુર કરવામાં આવ્યા છે. તેમા અમારી સોસાયટીના રહીશોને આવવા –જવાનો મુખ્ય રસ્તો રહેશે તેવુ પ્રદ્યુમનસિંહ યોગેન્દ્રસિંહ રાઠોડ તથા તેઓના ભાગીદારો જણાવે છે. પરંતુ તેમાં કોઈપણ પ્રકારનો જાહેર રસ્તાઓ બતાવવામાં આવેલ નથી કે નગર નિયોજક ગોધરાની કચેરી પાસે રસ્તાઓ મંજુર કરાવવામાં આવેલ નથી. સદર મિલકતના માલીક



પ્રદ્યુમનસિંહ યોગેન્દ્રસિંહ રાઠોડ તથા તેઓના ભાગીદારો દ્વારા જે રે.સર્વે નં.૯૪/૩ ના નકશાઓ વર્ષ ૨૦૧૨ માં જે તે સમયે સરકારી કચેરીઓમાં મંજુર કરાવેલ છે. તે નકશાઓમાં અમારી સોસાયટીમાં આવવા જવાનો રસ્તો બતાવવામાં આવ્યો છે. તેની સામે અમારી સોસાયટીમાં આવવા જવાનો કોઈપણ રસ્તો મળતો નથી અને રે.સ.નં.૯૪/૩ ના નકશાઓમાં જે રસ્તો બતાવેલ છે. ત્યાં ન્યુ લૂક સેન્ટ્રલ સ્કૂલનું પાકુ બાંધકામ આવેલુ છે. તો અમારે ૧૬૦ મકાન માલીકોના રહીશોને કયાં થઈને જવુ તે ગંભીર બાબત છે તેવું ત્યાંના સ્થાનિક રહીશો એ જણાવેલ હતુ.

વધુમાં જણાવ્યુ હતું કે,સાંઇ સમર્પણ પાર્ક સોસાયટીની બાજુમાં રે.સર્વે નં.૯૬ પૈકી માં શારદા વિદ્યામંદિર સ્કૂલ પણ આવેલી છે અને રે.સ.નં.૯૦ ના મુખ્ય માલીક પ્રદયુમનસિંહ યોગેન્દ્રસિંહ રાઠોડ તથા તેઓના ભાગીદારો જે રે.સ.નં.૯૦ નો નકશો મંજુર કરાવેલ છે. તેમા જે ઈન્ટરીયલ રસ્તાઓ ૬ મીટરનો બતાવેલ છે. હ તેમાં થઈને અમારા સોસાયટીના રહીશોને આવવાજવાનું રહેશે. અને તમોને બીજો કોઈ રસ્તો મળશે નહીં તેવી ધમકીઓ આપે છે. તો ભવિષ્યમાં શાળા કે સોસાયટીમાં કોઈ મોટી હોનારત થાય તો આટલા સાંકડા રસ્તામાં (૬ મીટર) ફાયર કે અમ્બ્યુલન્સ ગાડી પણ પ્રવેશ કરી શકે નહીં તેવી સ્થિતિ છે. જે ગંભીર બાબત છે.હાલ રે.સ.નં.૯૦ માં પ્લોટ પાડી જે ભક્તિ રેસીડેન્સી સોસાયટી નામે ઓળખાય છે. તે મકાનોનું બાંધકામ પુરજોશમાં ચાલુ છે અને મુખ્ય રસ્તો ન હોવાના કારણે અમારી સોસાયટીમાં અવર –જવર ન થઈ શકે તેવી ગંભીર પરિસ્થિતિ ઉભી થયેલ હોય તો આ બાંધકામ તાત્કાલીક સ્થગિત કરવાની જરૂર છે. કારણ કે રે.સ.નં.૯૪/૩ અને રે.સ.નં. ૯૦ ના મુખ્ય માલીક પ્રદ્યુમનસિંહ યોગેન્દ્રસિંહ રાઠોડ તથા તેઓના ભાગીદારો દ્વારા જાહેર રસ્તાઓ આપવાની સંપૂર્ણ તેઓની જવાબદારી બનતી હોય છે અને વધુમાં રે.સ.નં. ૯૭ માં જે રહેણાંક બાંધકામ થવુ જોઇએ. તેની જગ્યાએ કોર્મશીયલ ઉપયોગ કરવાના હેતુથી દુકાનોનું બાંધકામ પણ ગેરકાયદેસર કરેલ છે. જે પંચમહાલ જીલ્લા કલેક્ટર સાહેબ ગોધરાના હુકમ નં.ગણત/૪૩/ એસ.આર નં.૧૧૦/૧૮/વશી/૦૮–૮૪/૧૮ તારીખઃ ૦૧/૦૧/૨૦૧૯ નાં રોજ જે હુકમ કરેલ છે. તે હુકમનો હેતુફેરની શરતનો સ્પષ્ટપણે ઉલ્લઘંન થયેલ હોય તો જે રહેણાંક પ્લોટીંગમાં કોર્મશીયલ (દુકાનો) બાંધકામ થયેલ છે. તો તાત્કાલીક અટકાવીને જે રસ્તાઓ બાબતે તાત્કાલીક સ્થળ મુલાકાત લઈને કાયદેસરની કાર્યવાહી કરે તેવી સ્થાનિક રહીશો દ્વારા માંગ ઉઠવા પામી છે.અને સ્થાનિક રહીશોને ન્યાય નહિ મળે તો તેઓ તેઓ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ મામલતદાર કચેરી ખાતે પ્રતીક ભૂખ હડતાલ પર બેસશે તેવી ચીમકી આપવામાં આવી છે.